# તમારા દ્વારા મેળવાતી સ્થાનિક સેવાઓ સુધારવા માટે અમે તમારી સ્વાસ્થ્ય અને કાળજીની માહિતી સાથે જોડાયા છે

## આનો અર્થ તમારા માટે શું થાય છે?

કોઇપણ સમયે અને જુદા જુદા સ્થળોએ તમારા સ્વાસ્થ્ય અને સામાજીક કાળજીના રેકોર્ડ જોઇ શકવા એટલે કે સ્વાસ્થ્ય અને કાળજીના વ્યવસાયિકો તમારી કાળજી વિશે ઝડપી અને સલામત નિર્ણયો કરી શકે છે

North London Partners:
Resident Leaflet for Joining-up health and care records (Gujerati)

# સ્થાનિક રહેવાસી તરીકે, અમે અમારી કાળજી તરીકે લંડનમાં ફર્યા છીએ

આપણે બધા આપણા જીવનમાં સ્વાસ્થ્ય અને કાળજીની સેવાની વિશાળ શ્રેણીનો ઉપયોગ કરીએ છીએ, તે પછી આપણા જીપીની મુલાકાત લેવી, હોસ્પિટલની અપોઇન્ટમેન્ટ હોવી કે સામાજીક કાર્યકર પાસેથી મુલાકાત મેળવવી હોય શકે છે. આપણે બધા એક જ સ્થળે કે એકજ સંગઠન પાસેથી કાળજી મેળવતાં નથી. આપણે આપણા જીપીને સ્થાનિક મળીએ છીએ પરંતુ હોસ્પિટલ માટે નજીકના શહેરમાં જઈએ છીએ. જો આપણને આપાતકાલીન કાળજી જોઇતી હોય, તો આપણને ખૂબ જ ઓગ્ય અકસ્માત અને આપાતકાલીન એકમમાં લઈ જવામાં આવે છે, જે આપણે જયાં રહેતાં હોયએ ત્યાંથી અમુક અંતરે હોય શકે છે.

જયારે આમ થાય ત્યારે, પ્રત્યેક સંગઠન આપણે જે કાળજી મેળવીએ છીએ તેનો રેકોર્ડ રાખે છે; ભૂતકાળમાં, આ રેકોર્ડ કાગળ પર રહેતો હતો, પરંતુ હવે આ સામાન્યરીતે પ્રત્યેક સંગઠન દ્વારા અલગ અલગ ઈલેક્ટ્રોનિકલી રાખવામાં આવે છે.

અમે બધા વ્યસ્કના અને બાળકોના આ સ્વાસ્થ્ય અને કાળજીના ઇલેક્ટ્રોનિક રેકોર્ડ સાથે બાર્નેટ, કેમ્ડેન, ઈસ્લિન્ગટન, એનફિલ્ડ અને હેરિન્ગે (ઉત્તર કેન્દ્રીય લંડન)માં જોડાવાનું આયોજન કરી રહ્યા છીએ જેથી જેઓ આપણી કાળજી લઈ રહ્યા છીએ તેઓ આપણી જરૂરિયાતને સમજી શકે અને આપણી કાળજી વિશે, આપણા માટે શ્રેષ્ઠ નિર્ણયો લઈ શકે. સ્વાસ્થ્ય અને કાળજી વ્યવસાયિકોએ ઘણા વર્ષો સુધી કાગળ પર માહિતીઓ શેર કરી છે – અમે હવે આ ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી કરવાનું આયોજન કરી રહ્યા છીએ. આ પાંચ શહેરોમાં રેકોર્ડ સાથે જોડાવું એ ભવિષ્યમાં આખા લંડનમાં રેકોર્ડ સાથે જોડાવા માટેનું નિર્માણ કરે છે પરંતુ જયાં સુધી આમ ન થાય, ત્યાં સુધી આ પાંચ શહેરોના રેકોર્ડ સાથે જોડાવવાનું આવરી લેવાય છે.

**આ પત્રક તમને સ્થાનિક રહેવાસી તરીકે આનો અર્થ તમારા માટે શું થાય છે તેનું વર્ણન કરે છે. તે સમજાવે છે:**

- રેકોર્ડમાં જોડાવવાના લાભો
- રેકોર્ડમાં જોડાવવામાં શું માહિતી હશે
- જોડાયેલ રેકોર્ડ કોણ જોઈ શકશે
- તમારી માહિતી કેવી રીતે સલામત રહેશે
- રેકોર્ડમાં જોડાવા માટેનું પસંદ કરવા માટેની તમારી પસંદગી
- કેવી રીતે પસંદ કરવું

# રેકોર્ડમાં જોડાવવા માટેના લાભો કયા છે?

કોઇપણ સમયે, અલગ અલગ સ્થળોએ તમારા સ્વાસ્થ્ય અને સામાજીક કાળજીના રેકોર્ડ જોઇ શકવા સક્ષમ થવુંનો અર્થ છે કે સ્વાસ્થ્ય અને કાળજીના વ્યવસાયિકો તમારી કાળજી અને તમારા જેવા રહેવાસીના જૂથની કાળજી વિશે ઝડપી અને સલામત નિર્ણયો લઈ શકે છે.

## સ્થાનિક સ્વાસ્થ્ય અને કાળજીની સેવાઓના વપરાશકર્તા તરીકે રેકોર્ડમાં જોડાવવાના ઘણા બધા લાભો હોય શકે છે:

- તમારી કાળજી સાથે સંકળાયેલ દરેક પાસે સ્પષ્ટ ચિત્ર હોય છે
- જયારે તમે કાળજી માટે કયાંક બીજે જાવ અથવા નવા વ્યવસાયિકને મળો, તેઓ અગત્યની સ્વાસ્થ્ય અને કાળજી માહિતી મેળવી શકે
- સામાન્ય પરીક્ષણના પરિણામો (ઉદાહરણ તરીકે લોહીના પરીક્ષણો) તમારી કાળજી લેનાર તમામને ઉપલબ્ધ રહે, પરીક્ષણો કયારે કરવામાં આવ્યા છે તે ધ્યાનમાં લીધા વિના, જે તેનું પુનરાવર્તન કરવાનું ટાળે છે
- તમારી કાળજી માટે જવાબદાર વ્યવસાયિકો તમારી કાળજીનું આયોજન કરી તેને સુધારવા તમારા સ્વાસ્થ્ય અને કાળજીના રેકોર્ડ જોઇ શક્શે
- તમારી કાળજી માટે જવાબદાર વ્યવસાયિકો અનામી સ્વાસ્થ્ય અને કાળજીના રેકોર્ડ જોઇ શકે છે અને ખાતરી કરી શકે છે કે તમે, અને તમારા જેવા બીજા, આખી ટીમ તરફથી શ્રેષ્ઠ કાળજી મેળવી રહ્યા છે.

## સ્વાસ્થ અને સામાજીક કાળજી વ્યવસાયિક માટે:

- તેમની પાસે તેમના રહેવાસીઓની કાળજી માટે આયોજન અને કાળજી સુધારવા સંપૂર્ણ અને અદ્યતન માહિતી હોય છે
- તેમણે સ્વાસ્થ્ય અને સામાજીક કાળજી સંગઠનો અને આઈટી સિસ્ટમ પાસેથી સંબંધિત માહિતી શોધવામાં ઓછો સમય વિતાવો પછે છે, અને રેકોર્ડમાં ડુપ્લિકેટ માહિતી રેકોર્ડ કરવામાં સમય વિતાવો પડતો નથી
- સ્વાસ્થ અને કાળજી વ્યવસાયિક સુધારા માટેની તકો ઓળખવા ટીમ તરીકે કામ કરી શકે છે. તેઓ આમ અનામી માહિતીનો ઉપયોગ કરી કરી શકે છે, રહેવાસીની વ્યક્તિગત માહિતી દૂર કરી

આ કેવી રીતે કરી શકાય તેનું ઉદાહરણ અમારી વેબસાઈટ પર મળી શકે છે.

## રેકોર્ડમાં જોડાવવામાં કઈ માહિતી ઉપલબ્ધ હોય છે?

તમારી મોટા ભાગની સ્વાસ્થ્ય અને કાળજીની માહિતી, જેમકે દવાઓ અને એલર્જી, તમારા ભૂતકાળના હોસ્પિટલમાં રહેવાની કાળજીનો સારાંશ અને ભવિષ્યની એપોઇન્ટમેન્ટનો સમાવેશ થશે. આ તમારો હાલનો ઇતિહાસ હશે કારણ કે સ્વાસ્થ્ય અને કાળજી સેવાઓ હંમેશા આવી માહિતી ઇલેક્ટ્રોનિક સિસ્ટમ પર રેકોર્ડ કરતાં નથી.

સમય જતાં, આ બીજા સંગઠનો  કે જે એનએચએસ અને સ્થાનિક સત્તા સામાજીક કાળજી સેવાઓ પૂરી પાડે છે તેમની પાસેથી પણ માહિતીનો સમાવેશ કરે છે. આમાં માનસિક સ્વાસ્થ્ય રેકોર્ડ અને સામાજીક કાર્યકરો દ્વારા બનાવેલ રેકોર્ડનો સમાવેશ થાય છે.

બધા વયસ્ક તેમજ બાળકોના સ્વાસ્થ્ય રેકોર્ડ તેમજ વયસ્કની સામાજીક કાળજી માહિતી પણ જોડવામાં આવશે. અમે હાલમાં બાળકોની સામાજીક કાળજીના રેકોર્ડ સમાવવાનું આયોજન નથી કરી રહ્યા.

આમ છતાં, તમારી માહિતીનો દરેક ઘટક જોઈન્ટ રેકોર્ડનો ભાગ નથી.

સંવેદાત્મક માહિતીના ઉદાહરણો કે જેમને બાકાત રાખવામાં આવે છે, તેમાં જાતીય સ્વાસ્થ્ય, વ્યંધ્યત્વ સારવાર રેકોર્ડ, ઘરેલુ હિંસા અને ગુનાહિત રેકોર્ડસનો સમાવેશ થાય છે. સંપૂર્ણ યાદી અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### જોડાયેલ રેકોર્ડમાં માહિતી અલગ અલગ રીતે ઉપયોગમાં લેવાય છે:

- તે સ્વાસ્થ્ય અને કાળજી કાર્યકરો દ્વારા જયારે તમે તેમની મુલાકાત લો અથવા જયારે તેઓ તમારી મુલાકાત કે ત્યારે ઉપયોગમાં લેવાય છે
- તે કાળઅજી લેનાર તીમ દ્વારા લોકોનું સ્વાસ્થ્ય અને કાળજીની જરૂરિયાતોને સમજવા માટે પણ ઉપયોગમાં લેવાય છે
- તે એ ખાતરી કરવા પણ ઉપયોગમાં લેવાય છે કે અમે અમારા શહેરમાં રહેવાસીઓ કે જેઓ લાબાં ગાળાની સ્વાસ્થ્ય સ્થિતિથી પીડાઈ છે તેમને ઉચ્ચ ગુણવત્તાની કાળજી પૂરી પાડીએ છીએ

આ કેવી રીતે થઈ શકે તેના ઉઅદાહરણો અમારી વેબસાઈટ **www.northlondonpartners.org.uk/joined-up-care-record** પર મળી શકે છે.

# જો તમે વિકલ્પ પસંદ કરવા માંગો છો, તો કૃપયા આ ફોર્મ ભરો અને તેને અમને પરત કરો

જો તમે વિકલ્પ પસંદ કરવા માંગો છો, કૃપયા આ ફોર્મ પૂર્ણ કરી અમને પરત કરો.

*અને આ માહિતી વગર તમારી વિનંતી પર પ્રક્રિયા કરી શકતાં નથી.

સ્વીકૃતી મેળવવા માટે કૃપયા સંપર્ક માહિતીનો સમાવેશ કરો.

લિંગ: ______________________________

પ્રથમ નામ*: ______________________________

છેલ્લું નામ*: ______________________________

જન્મ તારીખ*: ______________________________

એનએચએસ નંબર*: ______________________________

રજીસ્ટર્ડ જીપી પ્રેક્ટિસ: ______________________________

ઇમેઈલ એડ્રેસ: ______________________________

પોસ્ટલ એડ્રેસ *: ______________________________

______________________________

પોસ્ટલ કોડ: ______________________________

શું તમે કોઇ અન્ય વ્યક્તિ વતી આ ફોર્મ ભરી રહ્યા છો?

☐ હા ☐ ના

**જો** હા, તમારો એ વ્યક્તિ સાથે સંબધ શું છે? ______________________________

યોગ્ય પર ટીક કરો, જે વ્યક્તિ માટે હું ફોર્મ ભરૂ છું તે:

☐ 16 વર્ષથી નાના છે અને હું તેમનો કાનુની ગાર્ડિયન/વાલીપણાની જવાબદારી ધરાઉ છું.

☐ સંમતિ આપવાની ક્ષમતા નથી અને મારી પાસે પાવર ઓફ એટર્ની છે.

નીચેના બોક્સમાં કૃપયા ટીક કરો:

☐ મે પત્રક વાંચ્યુ છે અને વિકલ્પ પસંદ કરવાના પરિણામો સમજું છું તમારુ પૂર્ણ નામ :

______________________________

સહી: ______________________________

તમે સિલ્ડ કરેલ પરબિડીયામાં આ ફોર્મ મફતમાં **FREEPOST NLP – JOINED UP CARE RECORD** ખાતે મોકલી શકો છો.

NORTH LONDON PARTNERS in health and care
North Central London's sustainability and transformation partnership

NHS

જો તમે આ માહિતી અંગ્રેજી સિવાયની બીજી ભાષામાં મેળવવા ઇચ્છતા હોવ, તો કૃપયા મુલાકાત લો:

Αν θέλετε αυτές τις πληροφορίες σε γλώσσα διαφορετική από την αγγλική, παρακαλώ επισκεφθείτε:

Bu bilgileri İngilizce'den başka bir dilde istiyorsanız lütfen şu sayfayı ziyaret edin:

اگر خواهید این اطلاعات را ابه زبان دیگری هب غیر از انگیسیل مطهعلا نمایید، از این وبسایت
ویدکنید

Si vous souhaitez lire ces informations dans une autre langue que l'anglais, veuillez consulter:

*જોતમેઆ મા(હતી +, ◌ે- િસવાયનીભાષામાં ઇ7છો, ◌ાકાત લો:*

*તો 9ૃપા કર>ને ?લુ*

**www.northlondonpartners.org.uk/joined-up-care-record**

આ કાર્યક્રમ સ્વાસ્થ્ય અને કાળજીમાં નોર્થ લંડન પાર્ટનર દ્વારા સમન્વયચિત છે: એક ભાગિદારી કે જે નૈદાનિક કમિશનિંગ ગ્રુપ (સીસીજીએસ), સ્વાસ્થ્ય પ્રદાતા અને ઉત્તર કેન્દ્રીય લંડન (બાર્નેટ, કેમડેન, એન્ફિલ્ડ, હરિન્ગે અને ઈસ્લિન્ગટન)માં સ્થાનિક સત્તાઓને રજૂ કરે છે.

**www.northlondonpartners.org.uk**

## હું વધુ માહિતી કયાંથી મેળવી શકું છું?

વધુ માહિતી માટે તમારા સ્વાસ્થ અથવા કાળજી પ્રદાતા સાથે વાત કરો. માહિતી અમારી વેબસાઈટ: **www.northlondonpartners.org.uk/joined-up-care-record** પર સંપૂર્ણ ગુપ્તતા નોટિસ સાથે મેળવી અકાય છે.

*આ પત્રિકામાં માહિતી હેલ્થવોચ બાર્નેટ અને બાર્નેટ કાઉન્સિલ એડલ્ટ સોશિયલ કેર ઇનવોલમેન્ટ ગ્રુપની સહાયથી બનાવવામાં આવેલ છે.*

# શું મારી માહિતી સલામત છે?

સ્વાસ્થ્ય અને કાળજી માહિતી સાથે કામ કરતાં બધા કાળજી વ્યવસાયિકો કડક આચાર સંહિતા હેઠળ કામ કરે છે જેનો અર્થ છે કે તેઓ ગુપ્તતાને માન આપે છે અને બધી માહિતી સલામત રાખે છે. આમ કરવામાં નિષ્ફળતા ગંભીર ગૂનો છે.

તમારા વિશેની માહિતી ડેટા પ્રોટેક્શન એક્ટ 2018/જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન 2016 હેઠળ સુરક્ષિત છે.

### આમાં જરૂરી છે કે સંભાળ વ્યવસાયિકો:

- માત્ર તેવી માહિતી જોઇ શકે જેમાં તેમને કાળજી આપવા અને સંચાલન કરવા તેમની ભૂમિકા ભજવવાની જરૂર હોય
- તમારા રેકોર્ડ સુરક્ષિત રાખવા જોઇશે
- તમારી માહિતી પ્રત્યે ગુપ્તાની ફરજ હોવી જોઇએ

# મારા જોડાયેલા રેકોર્ડમાં કોણ માહિતી જોઇ શકશે?

માત્ર તેઓ કે જેઓ એ તમારા સ્વાસ્થ્ય અને સામાજીક કાળજીને ટેકો આપવા તમારી માહિતી જોવાની જરૂર હોય તેમને વ્યક્તિગત માહિતીની પહોંચ રહેશે. આમાં જીપી, સામાજીક કાર્યકર, હોસ્પિટલના ક્લિનિશ્યન, સામુદાયિક સ્વાસ્થ્ય વ્યવસાયિક, માનસિક સ્વાસ્થ્ય સ્ટાફ અને કાળજી ટીમના અન્ય સત્તાધિકૃત સભ્યોનો સમાવેશ થાય છે. પ્રત્યેક વ્યક્તિ માત્ર તેમના કામને સંબંધિત માહિતી જોવા સક્ષમ રહેશે. આથી, સામાજીક કાળજી કાર્યકર વ્યવસાયિક થેરાપીસ્ટથી તમારા રેકોર્ડના અલગ ભાગને જોઈ શકશે.

આ કાર્યક્રમામાં સંકળાયેલ સંગઠનો અમારી વેબસાઈટ પર મળી શકે છે અને સમય જતાં તેમાં વધારો થશે.

આ કાર્યક્રમને પરિણામે રહેવાસીઓ પોતાની માહિતી જોઇ શકશે નહિ, આમછતાં, જો તમે તમારા સ્વાસ્થ્ય અને સંભળના રેકોર્ડ જોવા માંગો છો તો, તમે સીધેસીધા તમારા સ્વાસ્થ્ય અને સંભાળ સંગઠનને વિનંતી કરી શકો છો.

# તમારી પાસે પસંદગી છે

જો તમે આ જોડાવવા માટેના સ્વાસ્થ્ય અને કાળજી રેકોર્ડના ભાગ રૂપે તમારી માહિતી માટે ખૂશ હોવ તો, તમારે કંઈ કરવાની જરૂર નથી. આમછતાં, જો તમે સંકળાવવા ન માંગતા હોવ, તો તમારે પગલાં લેવાની જરૂર છે.

જો તમે પસંદગી કરો, તો તમરી માહિતી ઇલેક્ટ્રોનિક જોઇન્ડ-અપ રેકોર્ડ દ્વારા શેર કરવામાં નહિ આવે આમછતાં, તે સંભાળ સંગઠનો દ્વારા અત્યારની જેમ શેર કરવાનું, ફોન, ઈમેઈલ અથવા કાગળ પર ચાલુ રહેશે.

પસંદગી કરતાં પહેલાં, કૃપયા સુનિશ્ચિત કરો કે તમે આ પત્રક કાળજીપૂર્વક વાંચ્યુ છે અને તેનો તમારે  માટે શું અર્થ છે તે સમજ્યા છો. જો તમે પસંદ ન કરવાનું પસંદ કરો છો, તમે તમારા માટે ઇલેક્ટ્રોનિક જોઇન્ડ અપ રેકોર્ડ જે લાભો લાવે છે તેનો ફાયદો કઈ શકશો નહિ. કાળજી સંભાળદાતા કે જે તમારી સંભાળ રાખે છે તેમની પાસે તમારો સંપૂર્ણ ઇતિહાસ નહિ હોય અને જયારે તેઓ તમને તપસે 'વાસ્તવિક સમયમાં' તેમની પાસે હાલની માહિતી હશે નહિ, અને તમારી સંભાળ માટેના, અને આપાતકાલીન સ્થિતિમાં પણ નિર્ણયમાં સમય લાગી શકે છે.

જો તમે તમારી માહિતી શેર કરવા ન માંગતાં હોવ, તમે પત્રિકામાં છેલ્લે આપેલ ફોર્મ ભરી અને તેને અમને સોંપી અથવા અમારી વેબસાઈટના ફોર્મનો ઉપયોગ કરી તમે અમે આ જણાવી શકો છો.

જો તમે તમારી પસંદગી વિશે કોઇની સાથે વાત કરવા માંગો, તો તમે અમારો અમારી વેબસાઇટ દ્વારા સંપર્ક કરી શકો છો:
**www.northlondonpartners.org.uk/joined-up-care-record**

અમે તમને આ નિર્ણય કરતાં પહેલાં કાળજીપૂર્વક વિચારવા માટે કહીએ છીએ કારણકે તમારી સ્વાસ્થ્ય અને સામાજીક કાળજીની માહિતી શેર કરવી તેને સેવા પ્રદાતા માટે શ્રેષ્ઠ સારવાર અને તમારા માટે કાળજી પૂરી પાડવાનું સરળ બનાવે છે.

અમને તમારી વિનંતિ પર કાર્ય કરવા તમારા એનએચએસ નંબરની જરૂર છે. જો તમે તમારો એનએચએસ નંબર ન જાણતાં હોવ, કૃપયા મુલાકાત લો:
**https://www.england.nhs.uk/contact-us/how-can-we-help/how-can-i-find-out-my-nhs-number/** અથવા તમારા જીપી પ્રેક્ટિસને પૂછો.

તમે અમારી વેબસાઇટ પરથી પસંદગી ફોર્મ પણ પસંદક રી શકો છો:
**www.northlondonpartners.org.uk/joined-up-care-record** તમારી વિનંતી મેળવવા પર તમે પૃષ્ટિકરણ મેળવશો. જો તમે આ ચકાસવા માંગો અથવા આ મેળવવા ન માંગતા હોવ તો કૃપા કરી અમારો સંપર્ક કરો.